**વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવા બાબત.**

ગુજરાત સરકાર,
**સામાન્ય વહીવટ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.પ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૪–૬–૨૦૦૯

**વંચાણમાં લીધા :–**

(૧) નાણાં વિભાગનો તા.૧૬–૨–૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : ખરચ– ૨૦૦૨–૫૭–ઝ૧

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૫–૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૦૨૦૦૪–૧૬૧૯–ગ.૨

**ઠરાવ :–**

રાજય સરકાર હેઠળ વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવાનું નકકી કરવામાં આવેલ છે.

વર્ગ–૩ની જે તે જગ્યા ઉપર કર્મચારીને સીધી ભરતીથી નિશ્ચિત સમયગાળા માટે કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવામાં આવ્યા બાદ તેને જયારે જે તે જગ્યાના નિયમિત પગારમાં નિમણુંક આપવામાં આવે ત્યારે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ–૧૦(એ)ની જોગવાઈ મુજબ એક વર્ષની મુદ્દત માટે અજમાયશી સમયની જોગવાઈ લાગુ પડતી હતી. હવે આ નિયમોમાં સુધારો કરી સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૬–૨૦૦૯ ના જાહેરનામા ક્રમાંકઃ–જીએસ/૧૯/૨૦૦૯/સીઆરઆર/૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.પ થી પ્રસિધ્ધ કરવામાં આવેલા નિયમો મુજબ નિશ્ચિત સમયગાળા માટે ફીકસ પગારથી નિમણુંક પામેલા કર્મચારીએ અજમાયશી ગાળા તરીકે વધુ એક વર્ષ ફરજ બજાવવાની રહેતી નથી. આથી, આવા કર્મચારીને નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવે ત્યારે તેને અજમાયશી સમય ઉપર નિમણુંક આપવાની રહેશે નહી.

ફીકસ પગારથી કરાર આધારે નિમણુંક મેળવતા ઉમેદવારને અજમાયશી સમય ઉપર નિમણુંક આપવાની રહેતી ન હોવાથી જે તે જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય

પરીક્ષાના નિયમો, પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા નિયમો તથા અન્ય કોઈ નિયમોમાં અજમાયશી સમય દરમ્યાન જે પરીક્ષાઓ પાસ કરવાની જોગવાઈ હોય તેવી તમામ પરીક્ષાઓ સંબંધિત ઉમેદવારે કરારીય સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

જે જગ્યાઓ ઉપર ઉમેદવારને કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવાની મંજુરી આપવામાં આવે તેવી જગ્યાઓ ઉપર જે તે જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ નામાભિધાન સાથે સીધી ભરતીથી નિમણુંક આપવાની રહેશે. આમ જે કિસ્સામાં જે તે જગ્યા ઉપર ફીકસ પગારથી જે નિમણુંકો આપવામાં આવે તેમાં હવે "સહાયક" શબ્દનો ઉપયોગ કરવાનો રહેશે નહી. સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૬–૨૦૦૯ ના જાહેરનામા ક્રમાંકઃ– જીએસ/૧૯/૨૦૦૯/સીઆરઆર/૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫થી આ અંગેની યોગ્ય જોગવાઈ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં નિયમ–૯(એ) તરીકે કરવામાં આવી છે.

આ મુજબ ફીકસ પગારથી જે નિમણુંકો આપવામાં આવે તેવા સંબંધિત કર્મચારીઓની કરારીય સમયગાળા માટેની સેવાની શરતો અને બોલીઓ આ સાથેના પત્રક–૧ મુજબની રહેશે.

ફીકસ પગારથી ઉમેદવારને કરાર આધારીત નિમણુંક આપવા અંગેનો સંબંધિત ઉમેદવાર માટેનો જે હુકમ કરવામાં આવે તેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) જે જગ્યા ઉપર કરાર આધારે નિમણુંક આપવામાં આવતી હોય તે જગ્યા દર્શાવવાની રહેશે.

(૨) કરાર આધારે નિમણુંક જે માસીક ફીકસ પગારથી આપવામાં આવતી હોય તેની વિગતો દર્શાવવાની રહેશે.

(૩) કરારના સમયગાળાની વિગતો દર્શાવવાની રહેશે.

(૪) આ નિમણુંક હુકમમાં કરારના સમયગાળા બાદ, સેવાની શરતો અને બોલીઓને આધિન કરાર આધારે નિમણુંક આપેલ ઉમેદવારને જે જગ્યાના નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે તે અંગેની વિગતો દર્શાવવાની રહેશે.

(૫) ફીકસ પગારથી ઉમેદવારને કરાર આધારે જે જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે તે જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોમાં જો અજમાયશી સમય દરમ્યાન આવી પરીક્ષાઓ પાસ કરવાની જોગવાઈ હોય તો સંબંધિત ઉમેદવારે આવી પરીક્ષા કરારીય સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે. તેની વિગતો દર્શાવવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ મુજબ સંબંધિત ઉમેદવારે કોમ્પ્યુટર અંગેની જે પરીક્ષા પાસ કરવાની રહેતી હોઈ, તેની વિગતો દર્શાવવાની રહેશે.

વર્ગ–૪ની જગ્યાએ ઉમેદવારની નિમણુંક અંગે વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૫–૨૦૦૬ના ઠરાવથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવેલ છેઃ–

"હાલ વર્ગ–૪ ઉતરતા દરજ્જાની કોઈપણ નામાભિધાનવાળી અને કોઈપણ પગાર ધોરણની ખાલી જગ્યાઓ હોય તેવી તમામ જગ્યાઓ તથા નવી વર્ગ–૪ની જગ્યાઓ જે મંજુર કરવામાં આવે તે તથા ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ સહિતની તમામ જગ્યાઓ હવે રૂા.૨૫૫૦–૩૨૦૦ના પગાર ધોરણમાં વર્ગ–૪ની જગ્યા તરીકે જ મંજુર કરવાની રહેશે. અન્ય કોઈપણ નામાભિધાન હેઠળ વર્ગ–૪ની જગ્યા મંજુર કરવાની રહેશે નહી.

વર્ગ–૪ની હાલ ભરેલી જગ્યાઓ તેના જે તે પગાર ધોરણ મુજબ જ મંજુર કરવાની રહેશે."

વર્ગ–૪ની જગ્યા ઉપર જે ઉમેદવારોને ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક આપવામાં આવે તેવા ઉમેદવારોને કરારની મુદૃત પછી જયારે નિયમિત પગાર ધોરણની જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવે ત્યારે ઉપરોકત સુચનાઓ લક્ષમાં લઈ રૂા.૨૫૫૦–૩૨૦૦ના પગાર ધોરણમાં જ નિયમિત નિમણુંક આપવામાં આવે તે અંગેની કાળજી લેવાની રહેશે.

આ મુજબ કરાર આધારે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક પામતાં ઉમેદવારોના કિસ્સામાં રાજય સરકારની અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેની અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને ફીકસ્ડ પગારમાંથી કરાર આધારીત નિમણુંકનો નિર્ધારીત સમયગાળો પૂરો થયા પછી, સંબંધિત જગ્યાના સીધી ભરતી માટેના રોસ્ટર રજીસ્ટરમાં આવી નિમણુંકો યોગ્ય રીતે દર્શાવવાની રહેશે. તે જ રીતે મહિલાઓ, શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિકો માટેની રાજય સરકારની અનામત નીતિનો પણ અમલ કરવાનો રહેશે.

સીધી ભરતી અને બઢતીથી નિમાયેલા કર્મચારીઓની સંયુકત પ્રવરતા જો Rota - Quota પધ્ધતિ મુજબ ગોઠવવામાં આવતી હોય તો હવે તેમ ન ગોઠવતાં, સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૧૨–૧૯૮૬ના ઠરાવથી આપવામાં આવેલ સુચનાઓ મુજબ

બઢતીથી નિમાયેલા કર્મચારીઓ અને સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓની સંયુકત પ્રવરતા યાદી પુશડાઉન પધ્ધતિ મુજબ તૈયાર કરવાની રહેશે.

સીધી ભરતીથી કરાર આધારે ફીકસ પગારથી નિમણુંકો જે તે જગ્યાના ભરતી નિયમોમાં સીધી ભરતી / બઢતીનો જે રેશીયો નકકી કરવામાં આવેલ હોય તે રેશીયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સામે કરવાની રહે છે. પરંતુ, આવી નિમણુંકો સરકાર ધ્વારા નિયત સમયગાળા માટે કરાર આધારે કરવાની રહે છે. અને આવી નિમણુંકો માટેની સેવાની શરતો અને બોલીઓ મુજબ આ કર્મચારીઓને નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીને મળતા લાભો પૈકીના કોઈ લાભો મળવાપાત્ર થતા નથી. આથી આ કર્મચારીઓની કરાર આધારે નિમણુંકની સેવાનો સમયગાળો પણ પ્રવરતાના હેતુ માટે ધ્યાને લેવાનો રહેતો નથી. પરંતુ, જયારે કરાર આધારે નિમણુંક મેળવેલ કર્મચારી કરારની મુદ્દત પૂરી થયેથી જે તે જગ્યાના નિયમિત પગાર ધોરણમાં નિમણુંક મેળવે તે તારીખથી આવા કર્મચારીને જે તે સંવર્ગમાં પ્રવરતા મળવાપાત્ર થાય છે. આથી આવા કર્મચારીઓની પ્રવરતા પુશડાઉન પધ્ધતિથી ગોઠવતી વેળાએ નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશેઃ–

(૧) જે તે જગ્યા / સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી / બઢતીના રેશીયો અંગેની જે જોગવાઈ હોય તે મુજબ જે તે નાણાંકિય વર્ષમાં ઉપલબ્ધ થયેલ જગ્યાઓ રેશીયો મુજબ કવોટા ફાળવણી માટે ધ્યાને લેવાની રહેશે. અને આ મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સામે ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંકો કરવાની રહે છે. આથી, જે તે જગ્યા / સંવર્ગના ભરતી નિયમોમાં રેશીયોની જે જોગવાઈ હોય તે મુજબ જે તે વર્ષમાં બઢતીના ફાળે આવતી જગ્યાઓ, જે તે જગ્યા/ સંવર્ગના ભરતી નિયમોની જોગવાઈઓ મુજબ બઢતીથી ભરવાપાત્ર બનશે. અને આમ, આ મુજબ જે તે વર્ષમાં બઢતીનો જે કવોટા ઉપલબ્ધ થાય તેને ધ્યાને લઈ, પ્રવરતા અંગેના નિયમોને લક્ષમાં લઈ, પુશડાઉન પધ્ધતિ મુજબ બઢતીના કર્મચારીઓને પ્રવરતામાં યોગ્ય સ્થાને ગોઠવી, તેઓને મળવાપાત્ર ક્રમશઃ Readjusted date આપીને બઢતીના સંબંધિત કર્મચારીને જે તે વર્ષમાં પ્રવરતામાં યોગ્ય સ્થાને ગોઠવવાના રહેશે.

(૨) ફીકસ પગારથી કરાર આધારે કર્મચારીઓને જે જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવી હોય તે જગ્યાના ભરતી નિયમોની જોગવાઈઓને લક્ષમાં લઈ આવા નિમણુંક આપવામાં આવેલ કર્મચારીઓને જયારે જે તે જગ્યાના નિયમિત પગાર ધોરણમાં જે તારીખથી નિમણુંક આપવામાં આવે તે તારીખથી સંબંધિત કર્મચારીને જે તે સંવર્ગમાં પ્રવરતા મળવાપાત્ર થશે અને જે તે જગ્યાના ભરતી નિયમોમાં રેશીયોની જોગવાઈ મુજબ તે વર્ષમાં ઉપલબ્ધ સીધી ભરતીના (સીધી ભરતીના કેરી ફોરવર્ડ કવોટા સાથે) કવોટામાં પ્રવરતા અંગેના નિયમો લક્ષમાં લઈ પુશડાઉન પધ્ધતિ મુજબ પ્રવરતામાં યોગ્ય સ્થાને ગોઠવવાના રહેશે.

વંચાણમાં લીધેલા નાણાં વિભાગના તા.૧૬–૨–૨૦૦૬ના ઠરાવ સાથેના પત્રકમાં જે સેવાની શરતો અને બોલીઓ દર્શાવેલ છે તે આથી રદ કરવામાં આવે છે. નાણાં વિભાગના તા.૧૬–૨–૨૦૦૬ના ઠરાવની અન્ય જોગવાઈઓ આ ઠરાવની જોગવાઈઓને લક્ષમાં લઈ યોગ્ય સુધારા વધારા સાથે અમલમાં મુકવાની રહેશે.

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૮–૧૧–૨૦૦૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સી.વી.પવાર)**
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ,

**બિડાણ :–** ઉપર મુજબ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.

- ➢ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ ખાતાના વડાઓ
- વેબ માસ્ટર
  સરકારની વેબસાઈટ / જી.આર. બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.પ–શાખા

---

- ➢ પત્ર ધ્વારા.

*–:: પત્રક–૧ ::–*

# કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવેલ કર્મચારીની સેવાની શરતો અને બોલીઓ.

***સેવાની શરતો અને બોલીઓ :–***

(૧) સંબંધિત સેવાની જગ્યા પર સીધી ભરતીથી નિમણુંક મેળવનાર ઉમેદવારને આ જગ્યાના પગાર ધોરણ અન્વયે પત્રક–૪ના કોલમ–૩માં દર્શાવેલ પગાર ધોરણ સામે કોલમ–૪માં દર્શાવેલ માસિક ફીકસ પગારથી કરારના સમયગાળા માટે કરાર આધારે નિમણુંક આપવામાં આવશે.

(૨) આ પ્રકારે નિમણુંક મેળવનાર ઉમેદવારને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહી કે આવા ઉમેદવારો આવા લાભોની માંગણી કરી શકશે નહી.

(૩) આ પ્રકારે નિમણુંક મેળવનાર ઉમેદવારે પત્રક–૨ પ્રમાણેની બાંહેધરી આપવાની રહેશે.

(૪) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણાં વિભાગના તા.૧૯–૯–૨૦૦૨ના પરિપત્ર ક્રમાંક : મસભ/૧૦૨૦૦૨/૧૧૮૦/ચ ની જોગવાઈ મુજબ મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

(૫) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજાઓ મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના વેતનની કપાત ફીકસ પગારમાંથી કરી લેવામાં આવશે. પરંતુ, મહિલા કર્મચારીઓને ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમોની જોગવાઈઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૬) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર કર્મચારીની કરારીય સેવાનો સમયગાળો નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણુંકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહી.

(૭) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર ઉમેદવારે શાખાના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ ધ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૮) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર ઉમેદવારે સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ, તેમ છતાં સંબંધિત ઉપરી અધિકારી ધ્વારા સુચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૯) સીધી ભરતીથી ફીકસ પગારે નિમણુંક મેળવનાર ઉમેદવાર પાસેથી કરારના નિમણુંકના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો, ૧૯૭૧થી વર્તણુંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ તે મુજબ વર્તણુંક કરે તે અપેક્ષીત છે.

(૧૦) ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારની કામગીરીનું કરારીય સમયગાળા દરમ્યાન દરવર્ષે તુરતના ઉપરી અધિકારીએ આ સાથેના સામેલ પત્રક–૩માં મુલ્યાંકન કરવાનું રહેશે. અને સંબંધિત સમીક્ષા કરનાર અધિકારીએ આવા મુલ્યાંકનની સમીક્ષા કરવાની રહેશે. પરંતુ એક વર્ષ કરતાં ઓછો ફરજનો સમયગાળો હોય તો ફરજના સમયગાળાની કોઈપણ પ્રકારની અવધીને બાધ આવ્યા સિવાય જે તે ઉમેદવારના મુલ્યાંકન અહેવાલો સંબંધિત તુરતના ઉપરી અધિકારીએ સંબંધિત ઉમેદવારે તેમના તાબામાં જે સમયગાળા માટે ફરજો બજાવી હોય તેને ધ્યાને લઈ લખવાના રહેશે. અને તદ્નુસાર તેની સમીક્ષા કરવાની રહેશે.

(૧૧) ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારને, નીચેની બાબતો લક્ષમાં લઈ કરારના સમયગાળા બાદ સંબંધિત જગ્યા ઉપર તે જગ્યાના નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૧) ફીકસ પગારે નિમણુંક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મુલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગાર ધોરણમા નિમણુંક આપવા બાબતે વિચારણા કરવાની રહેશે.

(૨) ફીકસ પગારે નિમણુંક મેળવનાર ઉમેદવારે કરારના સમયગાળા દરમ્યાન જે તે જગ્યાની પૂર્વ સેવા તાલીમ અને પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા પસાર નહી કરે તો તથા નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પસાર નહી કરે તો આવા ઉમેદવારને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણુંક

આપવામાં આવશે નહી. અને તેની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

**(૧૨)** કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવેલ ઉમેદવાર ઉપરોકત ક્રમાંક–(૧૧)ની જોગવાઈ મુજબ કરારના સમયગાળા બાદ જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે ત્યારે–

(૧) જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં લઘુત્તમ પગારના તબકકે પગાર તથા અન્ય નિયમોનુસારના ભથ્થાઓ મળવા પાત્ર થશે.

(૨) આયોગ ધ્વારા / ભરતી કરનાર એજન્સી ધ્વારા ભલામણ કરવામાં આવેલ ક્રમાનુસાર જે તે જગ્યાના ભરતી નિયમોની જોગવાઈઓને આધિન જે તે જગ્યા ઉપર જે તારીખે નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવે તે તારીખને લક્ષમાં લઈ તેમને તે સંવર્ગમાં પ્રવરતા મળવાપાત્ર રહેશે.

(૩) પ્રવરતા જે તારીખથી મળશે તે તારીખથી સંબંધિત ઉમેદવારને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે. તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગુ પડશે.

**(૧૩)** જગ્યાના અભાવે કે પ્રથમદર્શી રીતે પ્રસ્થાપિત થતી ગંભીર ગેર વર્તણુંકના કારણોસર અથવા સંબંધિત જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા / ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મુલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય ) કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીકસ પગારનું ચુકવણું કરી નોટીસ આપવા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. આ પ્રકારે કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવાર કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા રાજીનામુ મંજુર થયા બાદ છુટા થઈ શકશે. પરંતુ, કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારે જો પૂર્વ સેવા તાલીમ અન્વયે બોન્ડ આપેલ હોય તો તે બોન્ડની રકમ પણ ચુકવવાની રહેશે.

**(૧૪)** કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક થયા બાદ આ નિયમોમાં કોઈપણ પ્રકારના સુધારા વધારા થાય તો કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારને તેવા સુધારા લાગુ પડશે.

## *–:: પત્રક–૨ ::–*
## *–:: બાહેંધરી ::–*

આથી હું નીચે સહી કરનાર શ્રી ............................................ ............રહેવાસી.......................................................... ... ...................... જણાવું છું કે સામાન્ય વહીવટ વિભાગના તા... ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫ થી નિયત કરવામાં આવેલ કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક અંગેની સેવાની શરતો અને બોલીઓ મેં વંચાણે લીધેલ છે અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણપણે કબુલ – મંજુર છે. તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણુંક મેળવવા તથા (જે તે જગ્યાનું નામ લખવું) તરીકે ફરજો / જવાબદારી બજાવવા હું સંમત છું. મારી કરાર આધારે ફીકસ પગારથી (જે તે જગ્યાનું નામ લખવું) તરીકેની નિમણુંકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઈ લાભો મળવાપાત્ર થશે નહી. તે સાથે હું સંમત છું. અને કરાર આધારે ફીકસ પગારથી (જે તે જગ્યાનું નામ લખવું) તરીકેની નિમણુંકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઈ લાભોની હું માંગણી કરીશ નહી.

ઉપરોકત બાહેંધરી હું કોઈપણ જાતના દાબ–દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુધ્ધ બુધ્ધિથી કરૂ છું અને તે મને કબુલ–મંજુર છે. અને તે બદલ આજરોજ હું નીચે સહી કરી નિમણુંક સત્તાને સુપ્રત કરૂ છું.

**સ્થળ :–** ....................

**તારીખ :–** નિમણુંક મેળવનાર ઉમેદવારની સહી

**સ્થળ :–**

**તારીખ :–** ..................કચેરીના વડા / મહેકમની કામગીરી સંભાળતા અધિકારી (વર્ગ–૨ કે તેથી ઉપરની કક્ષાના) ની સહી

**સ્થળ :–** (૧) ................................

**તારીખ :–** (૨)................................

સાક્ષીની સહી

## પત્રક–૩

## *કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારની કામગીરીનું મુલ્યાંકન અહેવાલનું પત્રક*

### ભાગ–૧

### મુલ્યાંકન અધિકારીની નોંધ

| | | |
|---|---|---|
| | વિભાગ / કચેરીનું નામ | |
| | કરાર આધારે ફીકસ પગારથી જે જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવી હોય તે જગ્યાનું નામ | :– |
| | અહેવાલનો સમયગાળો તારીખ...... થી ....... | :– |
| ૧ | કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારનું નામ | :– |
| ૨ | જન્મ તારીખ | :– |
| ૩ | કરાર આધારે ફીકસ પગારથી પ્રથમ નિમણુંકની તારીખ | :– |
| ૪ | કરાર આધારે ફીકસ પગારથી હાલની જગ્યા પરની નિમણુંકની તારીખ | :– |
| ૫ | ફરજ પરની ગેરહાજરીની મુદત | :– |
| ૬ | અહેવાલના સમયગાળા દરમ્યાન મેળવેલ તાલીમ અને પરીક્ષા પાસ કર્યાની વિગતો | :– |
| ૭ | અહેવાલના સમયગાળા દરમ્યાન કરેલ કામગીરીની ટુંકમાં વિગતો | :– |
| ૮ | લખાણમાં વિચારોની સ્પષ્ટતા અને અભિવ્યકિતના સામર્થ્ય અંગેનું મુલ્યાંકન. | :– |
| ૯ | (અ) ગુજરાતીમાં નોંધ અને મુસદ્દા લેખન બાબતેનું મુલ્યાંકન | :– |
| | (બ) અંગ્રેજી ભાષામાં નોંધ અને મુસદ્દા લેખન બાબતેનું મુલ્યાંકન | :– |
| ૧૦ | સરકારના નીતિ નિયમો, કાયદાઓ તથા કોર્ટકેસોના ચુકાદાઓની જાણકારી મેળવવા બાબતેની અભિરૂચી | :– |
| ૧૧ | પહેલવૃતિ, સુઝ અને જવાબદારી ઉપાડવાની તત્પરતા અંગેનું મુલ્યાંકન | :– |

૧૨ કોમ્પ્યુટરનો જરૂરી ઉપયોગ કરે છે? :–

૧૩ ઝડપી અને પકવ નિર્ણયો લેવાની શકિત અંગેનું મુલ્યાંકન :–

૧૪ સાથી કર્મચારીઓ / અધિકારીઓ અને જાહેર જનતા સાથેના સંબંધો સહિત ચારિત્ર અને સ્વભાવ અંગેનું મુલ્યાંકન :–

૧૫ પ્રમાણિકતા અંગેનું મુલ્યાંકન :–

૧૬ અહેવાલના સમયગાળા દરમ્યાન કોઈ વિશિષ્ટ કામ કર્યું હોય તો તેની વિગતો અને તે બાબત અંગેનું મુલ્યાંકન :–

૧૭ અહેવાલના સમયગાળા દરમ્યાન કોઈ શિક્ષા થયેલ હોય તો તેની વિગતો :–

૧૮ ઉપરોકત તમામ મુદૃાઓને લક્ષમાં લઈ એકંદર મુલ્યાંકન :–

**સ્થળ :–**

**તારીખ :–**

....................
અહેવાલ લખનાર અધિકારીની સહી
નામ (મોટા અક્ષરે) .......................
હોદૃો .........................

## <u>ભાગ–૨</u>

## <u>સમીક્ષક અધિકારીની નોંધ</u>

૧. અહેવાલ લખનાર અધિકારીનું મુલ્યાંકન આપ સંપૂર્ણપણે સ્વીકારો છો? જો ન સ્વીકારતા હોય તો જે બાબતમાં આપ સંમત ન થતા હો તે બાબતમાં જે તે કોલમમાં આપનું મુલ્યાંકન દર્શાવો.

૨ પ્રમાણિકતા વિશેનું અહેવાલ લખનાર અધિકારીનું મુલ્યાંકન આપ સ્વીકારો છો? જો ના સ્વીકારતા હો તો આપનું મુલ્યાંકન દર્શાવો.

૩. એકંદર મુલ્યાંકન

**સ્થળ :–**

**તારીખ :–**

....................
સમીક્ષક અધિકારીની સહી
નામ (મોટા અક્ષરે)........................
હોદૃો ........................

## પત્રક–૪

## *કરાર આધારે નિમણુંક મેળવનાર ઉમેદવારને જે તે જગ્યાના પગાર ધોરણ અન્વયે જે માસિક ફીક્સ પગારથી નિમણુંક આપવાની છે તેની વિગત દર્શાવતું પત્રક*

| અ.નં. | વર્ગ | પગાર ધોરણ | માસિક ફીક્સ વેતન કલબીગના આધારે |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | વર્ગ–૪ | ૨૫૫૦–૩૨૦૦ | રૂા.૧૫૦૦/– |
| ૨. | વર્ગ–૪ | ૨૬૧૦–૩૫૪૦ | રૂા.૧૫૦૦/– |
| ૩. | વર્ગ–૪ | ૨૬૫૦–૪૦૦૦ | રૂા.૧૫૦૦/– |
| ૪. | વર્ગ–૪ | ૨૭૫૦–૪૪૦૦ | રૂા.૧૫૦૦/– |
| ૫. | વર્ગ–૩ | ૩૦૫૦–૪૫૯૦ | રૂા.૨૫૦૦/– |
| ૬. | વર્ગ–૩ | ૪૦૦૦–૬૦૦૦ | રૂા.૩૫૦૦/– |
| ૭. | વર્ગ–૩ | ૫૦૦૦–૮૦૦૦ | રૂા.૩૫૦૦/– |
| ૮. | વર્ગ–૩ | ૫૫૦૦–૯૦૦૦ | રૂા.૪૫૦૦/– |
| ૯. | વર્ગ–૩ | ૬૫૦૦–૧૦૫૦૦ | રૂા.૪૫૦૦/– |